તહેવારમાં અલગ-અલગ વિસ્તારમાં ધમાલ

જુના કોબામાં જુથ અથડામણ : ૧૮ સામે ફરિયાદ : ઘાયલોને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં લઈ જવાયા : રાયોટીંગનો ગુનો દાખલ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીકનાં જુના કોબા ગામે ભાઈબીજની સાંજે બે સમાજ વચ્ચે યુવતીની મશ્કરી બાબતે ધમાલ મચી જવા પામી હતી. ટોળાએ સામ સામે લાકડીઓ, તલવાર,ધોકા તથા ઈંટોથી હુમલો કરતા સ્થિતી તંગ બની ગઈ હતી. પોલીસને આ મેસેજ મળતા દોડી ગઈ હતી. લોહી લુહાણ હાલતમાં ઈજાગ્રસ્તોને સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તહેવારનાં દિવસોમાં સામે આવેલા આ બનાવમાં સામ સામે કુલ ૧૮ સામે નામજોગ તથા અજાણ્યા ઈસમો સામે હુમલાની ફરીયાદ નોંધાવતા ઈન્ફોસીટી પોલીસે રાયોટીંગનો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાઈબીજની સાંજે જુના કોબામાં રાવળવાસ તથા ઠાકોરવાસ વિસ્તારમાં બે સમાજનાં લોકો સામ-સામે આવી ગયા હતા. જુનાકોબાનાં નાના રાવળવાસનાં રહેવાસી વિષ્ણુભાઈ શકરાજી રાવળે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ પ્રમાણે દશરથજી શાલુજી ઠાકોર, ગણેશજી શાલુજી ઠાકોર, બકાજી ગણેશજી ઠાકોર, મેલાજી બાબુજી ઠાકોર, બળદેવજી વરવાજી ઠાકોર, જશુજી વરવાજી ઠાકોર, અજયજી બળદેવજી ઠાકોર, કાળાજી લાલાજી ઠાકોર, મહેશ લાલજી ઠાકોર તથા અન્ય ૩ શખ્સોએ જુની અદાવતમાં ગેરકાયદે મંડળી રચી પાઈપ, લાકડીઓ, તલવાર જેવા મારક હથીયારો ધારણ કરીને હથીયારથી તથા પથ્થરોથી હુમલો કરીને ગંભીર ઈજાઓ પહોચાડી હતી. જયારે સામે દશરજી ઠાકોર દ્વારા રમેશ શકરાભાઈ રાવળ, વિષ્ણુ શકરાભાઈ રાવળ, રાજુ રણછોડભાઈ રાવળ, ધના રણછોડભાઈ રાવળ, રણછોડ શિવાભાઈ રાવળ, ગલા રણછોડભા રાવળ, અનિલ પોપટજી રાવળ, આકાશ રમેશ રાવળ, સંજય રાજુભાઈ રાવળ તથા અન્ય ૩થી ૪ શખ્સો સામે યુવતીની મશ્કરી બાબતે ઠપકો આપતા આ શખ્સોએ ભેગા થઈને ઠાકોરવાસનાં નાકે લાકડીઓ, ધોકા જેવા હથીયારો સાથે કોટોંબીક માણસો સાથે મળીને હુમલો કરીને વાહનોમાં તોડફોડ કરીને ઈજાઓ પહોંચાડવાની ફરીયાદ નોંધાવી છે.

અથડામણનાં પગલે પોલીસ ગામમાં ખડકી દેવાઇ

તહેવારનાં દિવસે આ બનાવને લઈને નાના કોબામાં પોલીસ ઉતારી દેવાઈ હતી અને ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયા હતા. રજાનાં માહોલને લઈને સામાન્ય રીતે સિવિલમાં આવતા દર્દીઓને પ્રાથમિક સારવાર આપીને અમદાવાદ જ ખસેડી દેવામાં આવે છે. ત્યારે આ બનાવનાં પગલે તબીબોને સિવિલ બોલાવાયા હતા અને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપીને અમદાવાદ ખસેડાયા હતા.

અડાલજમાં દિવાળીએ ફટાકડા ફોડવા મુદ્દે પથ્થરમારો

અડાલજમાં દિવાળીનાં દિવસે જ રબારી તથા રાવળ સમાજ વચ્ચે ઝઘડો થતા પોલીસે દોડી જઈને મામલો શાંત કરી દીધો હતો. પોલીસ સુત્રોનાં જણાવ્યાનુંસાર ખુલ્લામાં પશુઓનો ચારો પડ્યો હોવાથી ફટાકડા ત્યાં ન ફોડવા બાબતે પહેલા પણ બોલાચાલી થઈ હતી અને દિવાળીનાં દિવસે પથ્થરમારો થયો હતો. બાદમાં અંદરો અંદર જ સમાધાન કરીને સમજણ દાખવી હતી અને પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યુ હતુ.

સે-૨૮માં રોયલ મોટર્સનાં માલીક પર હુમલો, કારમાં તોડફોડ

કોલવડાનાં રહેવાસી અને સેકટર ૨૮માં રોયલ મોટર્સ નામે ઓટો ગેરેજ ધરાવતા સંજયભાઈ પટેલની ફરીયાદ પ્રમાણે શુક્રવારે પ્રશાંતભાઈ પટેલ સાથે ગ્રાહકનો ફોન રોયલ મોટર્સ પર આવ્યા હતા. જયાં રાત્રે ૧ વાગ્યાનાં અરસામાં આઈ ૧૦ ગ્રાન્ડ ગાડીમાં કોલવડાનાં પ્રવિણસિંહ વાઘેલા, જયદીપ ઉર્ફે ઉંધી પ્રવિણસિંહ વાઘેલા તથા જગત નામનાં શખ્સો કોલવડામાં ગરબા જોવા મુદ્દે થયેલા ઝઘડાની અદાવત રાખીને પટેલ હોવાનું કહીને તલવાર તથા લાકડાનાં ધોકાથી હુમલો કરીને કારમાં તોડફોડ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપીને નાસી ગયા હતા. બંનેને સંજયભાઈ તથા પ્રશાંતભાઈને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડાયા હતા.

નવા વર્ષથી જ પાટનગરમાં તસ્કરો સક્રીય

ગાંધીનગર, તા.૧૧

નવા વર્ષથી જ તસ્કરોએ પાટનગરમાં તસ્કર કામ શરૂ કરી દીધુ છે. સેકટર-૨૨માં ઓપ્પો મોબાઈલનાં સર્વીસ સેન્ટરનું તાળુ તોડીને મોબાઈલ તથા ડીવીઆર ચોરીને મુહૂર્ત કરી ગયા હતા. આ મામલે સે-૨૧ પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવા પામી છે.

સેકટર-૨૨માં શાલીન કોમ્પલેક્ષમાં હરીઓમ મોબાઈલ પ્રા.લી. નામે દુકાનમાં ઓપોનાં સર્વીસ સેન્ટરમાં મેનેજર તરીકે નિલેષભાઈ અંબાલાલ ચૌધરીએ સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ પ્રમાણે દિવાળીનાં દિવસે બપોરે ૩ વાગ્યે સર્વીસ સેન્ટર બંધ કરીને પોતાનાં ઘરે ગયા હતા. બેસતા વર્ષે સવારે બાજુમાં આવેલી રૂદ્ર મોબાઈલનાં માલીક કાર્તીકભાઈ પટેલે ફોન કરીને દુકાનનું શટર અર્ધુ ખુલ્લુ હોવાનું નિલેષભાઈને જણાવ્યુ હતુ. સીસીટીવી કેમેરા ફેરવીને ઓઝારથી શટરને સાઈડમાંથી ખોલી નાંખવામાં આવ્યુ હતુ. અંદર જઈને તપાસ કરતા સીસીટીવી કેમેરાનું ડીવીઆર જ ગાયબ હતુ. જયારે રૂ.૧૫૦૦૦ની કિંમતનો ઓપો કંપનીનો એફથ્રી પ્લસ મોબાઈલ પણ ચોરાઈ ગયો હતો. નિલેષભાઈની આ ફરીયાદની તપાસ સેકટર-૨૧ પોલીસ સ્ટેશનનાં મહિલા પીએસઆઈ ઉર્વશી પટેલને સોપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારી નગરી ગાંધીનગરમાં દિવાળીનાં તહેવારમાં વેકેશન જેવો માહોલ હોય છે અને નાગરીકો સહપરીવાર ઘરે તાળા મારીને ફરવા જતા હોય છે. દુકાનો પણ લાભ પાંચમ સુધી બંધ રહેતી હોવાનાં કારણે તસ્કરોને મોકળુ મેદાન મળી જાય છે. પોલીસ દ્વારા દર વર્ષે દિવાળીમાં પેટ્રોલીંગ સઘન કરવામાં આવે છે. તેમ છતાં તસ્કરો કામ પાર પાડી જાય છે. આ વખતે સોમવાર સુધીની સળંગ રજાનાં કારણે નાગરીકો સોમવાર તથા મંગળવારે ઘરે આવશે. ત્યારે ચોરીનાં અન્ય બનાવો સામે આવવાની શકયતા છે.

સે-૨૨માં દુકાનનું શટર તોડી મોબાઇલ ડીવીઆર ચોર્યું : રજાઓ પુરી થયે વધારે ચોરીનાં બનાવો સામે આવવાની શકયતા

દિવાળીની સાંજે ઘ-દોઢ પાસે કારે રીક્ષાને અડફેટે લેતા યુવતીનુ મૃત્યુ

કાર ચાલક દારૂની બોટલો લઇને ફરાર : પીધેલો હોવાની શકયતા, પોલીસ સામે રોષ

ગાંધીનગર, તા.૧૧

દિવાળીની સાંજે પાટનગરનો મુખ્ય ઘ -માર્ગ

ગોજારો બની ગયો હતો. હાઈટેક હોસ્પીટલ સામે પુરઝડપે આવતી બ્રેઝા કારે રીક્ષામાંથી ઉતરી રહેલી ટીસીએસની કર્મચારી યુવતીને ટક્કર મારતા ઘટના સ્થળે જ તેણીનુ મૃત્યુ થયુ હતુ. જયારે રીક્ષા ચાલકને પણ ઈજાઓ પહોચી હતી. અકસ્માત સર્જનાર બ્રેઝાનો ચાલક અકસ્માત બાદ કારમાંથી બે બોટલો લઈને નિકળી ગયો હતો. ત્યારે તે શખ્સ પીધેલો હોવાની પણ શકયતા છે. જયારે બ્રેઝામાંથી પોલીસનું આઈકાર્ડ પણ મળ્યુ છે. અકસ્માતનાં પગલે ટોળાએ ચાલકને મેથીપાક ચખાડ્યો હતો અને પોલીસે ભગાડી મુક્યાનો આક્ષેપ પણ કર્યો હતો. જેને પગલે સ્થળ પર તે સાંજે ભારે રોષનો માહોલ જોવા મળ્યો હતો.

મધ્યપ્રદેશનાં ઈન્દોરનાં રહેવાસી ૨૩ વર્ષિય વર્ષાબેન કૃષ્ણકુમાર તિવારી ઈન્ફોસીટી પાસે આવેલા ટાટા કન્સલટન્સી સર્વીસ (ટીસીએસ)માં છેલ્લા ૩ માસથી પ્રોફેશન એસોસીએટ્સ તરીકે નોકરી કરતા હતા અને સેકટર-૩માં મકાન રાખીને રહેતા હતા. દિવાળીની સાંજે ઘ-૧ સર્કલથી હાઈટેક સુધી જવા માટે બેઠા હતા. રીક્ષા ચાલક જીતેન્દ્રકુમાર બંસીલાલ

● અનુસંધાન પાના - ૫ પર

કારમાંથી પોલીસનું આઈડી કાર્ડ મળ્યુ..!

રાષ્ટ્રીય હિતરક્ષક દળનાં સભ્ય હસમુખ સક્સેના અકસ્માત બાદ સ્થળ પર



પહોચ્યા હતા અને તેમને કારમાંથી પોલીસનું આઈકાર્ડ મળ્યુ હોવાનો દાવો કર્યો હતો. તેમણે અનામ પોલીસ કોન્સ્ટેબલ ભરતસિંહ સીસોદીયાનું કાર્ડ મિડીયાને બતાવ્યુ હતુ અને અકસ્માત સર્જનાર પોલીસ કર્મચારી હોવાની શંકા વ્યક્ત કરી હતી. જો કે આરટીઓનાં રેકર્ડ પ્રમાણે આ કાર જીતેન્દ્રસિંહ ગોહીલનાં નામે હોવાનું જાણવા મળ્યુ છે. પરંતુ અકસ્માત સર્જાયો ત્યારે કાર કોણ ચલાવતુ હતુ તે પોલીસ જાણી શકી નથી.

સે-૩માં એક ટોળકીએ પોલીસનાં ઘરમાં સુતળીબોંબ ફેકતા આગ લાગી

કપડા તથા સામાન સળગ્યો : એફએસએલ બોલાવી

ગાંધીનગર, તા.૧૧

બેસતા વર્ષની પુર્વ રાત્રે સેકટર-૩માં આવેલા મકાનનાં ટીખળખોર ટોળકીએ રાત્રે ૩ વાગ્યે ખુલ્લી બારીમાંથી સળગતો સુતળી બોમ્બ ફેકતા અચાનક ધડાકો થયો હતો. પરીવારજનો તથા પડોશીઓ જાગી ગયા હતા. સુતળી બોમ્બ ફુટવાથી ઘરમાં પણ આગ લાગી હતી. આગને પરીવારજનોએ જ ઓલવી નાંખી હતી. બાળકો ગભરાઈ ગયા હતા. રાત્રે ટોળકીની શોધખોળ કરતા ૧ છોકરો ઝડપાઈ ગયો હતો અને તેમનાં સાગરીતોનું કારસ્તાન હોવાનું સામે આવ્યુ હતુ.

કલોલ તાલુકાનાં સાંતેજ પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હાર્દીકકુમાર પ્રવિણચંદ્ર પટેલે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ પ્રમાણે દિવાળીને તહેવાર હોવાથી સેકટર-૩માં પિતાનાં ઘરે રોકાવા આવ્યા હતા. દિવાળીની સાંજે બધા પોતપોતાનાં રૂમમાં ઉંઘી ગયા હતા. રાત્રે ૩ વાગ્યાનાં અરસામાં અચાનક મોટાભાઈનાં રૂમમાં ધડાકાનો અવાજ આવતા ઘરનાં સભ્યો જાગી ગયા હતા અને મોટાભાઈનાં રૂમમાં જતા કપડા તથા સામાનમાં આગ લાગી હતી અને પરીવારનાં સભ્યો પાણી છાંટીને ઓલવી રહ્યા હતા. અંદરથી સુતળી બોમ્બ ફુટેલો જોવા મળ્યો હતો. જે રૂમની ખુલ્લી બારીમાંથી કોઈએ ફેક્યો હતો. હાર્દીકભાઈએ બહાર જઈને તપાસ કરી હતી પણ કોઈ જોવા મળ્યુ નહોતુ. અચાનક ધડાકાથી પડોશીઓ પણ જાગી ગયા હતા. તેમણે અહીંયાથી ૩-૪

● અનુસંધાન પાના - ૫ પર

અમદાવાદનાં યુવાનનું રાંધેજા પાસે બાઈક ઝાડમાં ઘુસી જતા મૃત્યુ

અમદાવાદનાં નિર્ણયનગરમાં રહેતો યુવાન ભુપેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ બેસતા વર્ષની પુર્વ રાત્રે પોતાનું બાઈક લઈને ધમેડા ગામે ગરબા જોવા આવ્યો હતો. ભુપેન્દ્રસિંહ રાત્રે રાંધેજાથી રાંધેજા ચોકડી વચ્ચેનાં માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બાઈક ઝાડમાં ઘુસી જતા ગંભીર ઈજાઓ પહોચતા ગાંધીનગર સિવિલથી અમદાવાદ સિવિલમાં સારવાર માટે ખસેડાયો હતો. જયાં સારવાર દરમિયાન મૃત્યુ થતા પેથાપુર પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી છે.

ફટાકડો પડતા રૂપાલ અને ઉવારસદમાં પુળા સળગ્યા, જીઆઇડીસીમાં પણ આગ લાગી

દિવાળીમાં ફટાકડાનાં કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ઘાસચારામાં આગ લાગવાનાં અનેક બનાવો બન્યા હોવાનુ સામે આવ્યુ છે. જેના કારણે ફાયર બ્રિગેડને પણ સતત બે દિવસ દોડવુ પડ્યુ હતુ. મોટાભાગનાં બનાવોમાં સ્થાનીકો દ્વારા જ આગ પર કાબુ મેળવી લેવાયો હતો. ઉવારસદમાં દિવાળીનાં દિવસે પુળા સળગવાની ઘટના બાદ રૂપાલમાં બેસતા વર્ષ બનાવ સામે આવ્યો હતો. ફાયર સુત્રોનાં જણાવ્યાનુસાર મહાદેવવાળાવાસમાં રહેતા અરવીંદભાઈ કે. પટેલ દ્વારા પતરાનાં શેડમાં પશુઓ માટે મુકવામાં આવેલા જારનાં પુળામાં ફટાકડો પડતા આગ લાગી હતી. જો કે ધીમે ધીમે આગ પ્રસરી હોવાથી બહાર ધુમાડા દેખાયા બાદ ખબર પડતા આસપાસનાં લોકોએ દોડી આવીને પાણીનો મારો શરૂ કરી દીધો હતો. ફાયર બ્રિગેડને જાણ થતા ફાયર ટીમે ૫ હજાર લીટરથી વધુ પાણી મારીને આગને કાબુમાં લીધી હતી. ૩ હજાર જેટલા પુળા આ શેડમાં રાખવામાં આવ્યા હતા. બેસતા વર્ષનાં દિવસે આગનો બીજો બનાવ સેકટર-૨૮ જીઆઈડીસીમાં સામે આવ્યો હતો. જીઆઈડીસીની કંપનીનાં ચોકીદાર દીપક નેપાળીની ઓરડીમાં ફટાકડો પડતા અચાનક આગ ભભુકી હતી. જેમાં પલંગ, ગાદલા સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડે દોડી જઈને પાણીનો મારો ચલાવીને આગ કાબુમાં લીધી હતી. ત્યાં સુધીમાં મોટાભાગનો સામાન બળી ગયો હતો. તે ઉપરાંત સે-૫ માં પણ એક ગાડીમાં આગ લાગી હતી.

ન્યૂ ઈન્ડિયા : PM મોદીનો ગોલ 'સ્માર્ટ સિટી' ન્યૂ ગુજરાત : CMનો ટારગેટ 'સ્માર્ટ ગામડાં'

ન્યૂ ઈન્ડિયાની પહેચાન સ્માર્ટ સિટી છે જ્યારે ન્યૂ ગુજરાતનો ટારગેટ સ્માર્ટ વિલેજ છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ ચરણમાં દેશના ૧૦૦ શહેરોને સ્માર્ટ સિટી બનાવવાના ધ્યેય સાથે આગળ વધી રહ્યાં છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી સ્માર્ટ વિલેજ તરફ આકર્ષિત થયા છે. તેમણે સ્માર્ટ વિલેજ માટે એક નવી સ્કીમ શરૂ કરી છે જેના કારણે ગુજરાતના ગામડાં સમૃદ્ધિની દિશા તરફ ફંટાયા છે.

એક સર્વે પ્રમાણે ગુજરાતના કુલ ગામડાં પૈકી ૪૨૦૦ ગામોનો વિકાસ લોકોએ જ કર્યો છે જેમાં સરકારની કોઈ વધારાની સહાય મળી નથી. સરકારે ૧૧૦૦ ગામોનો આદર્શ ગામ તરીકે હકીકતમાં વિકાસ કર્યો છે જેમાં સરકારી સહાય મુખ્ય છે. રાજ્યના ૬૫૦ ગામો એનઆરઆઈ પરિવારોએ ડેવલપ કર્યા છે. રાજ્યના ૧૨૦૦ ગામો એવાં છે કે જે શહેરોની નજીક આવેલા હોવાથી તેનો વિકાસ આપોઆપ થયો છે. રાજ્યના ૨૫૦ એવાં ગામો છે કે જ્યાં હજી વિકાસ પહોંચી શક્યો નથી. આ ગામો પછાત જ રહ્યાં છે.

ભારતમાં એક લાખથી વધુ વસતી ધરાવતા શહેરોની સંખ્યા ૩૦૦ને પાર છે જેમાં ગુજરાતના આઠ શહેરો આવી જાય છે. મિસન સ્માર્ટ સિટીમાં ગુજરાતના છ શહેરો જેવાં કે ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, અમદાવાદ અને દાહોદનો સમાવેશ કરવામાં આવ્યો છે જ્યારે પાડોશી રાજ્ય મહારાષ્ટ્રના ૧૦ શહેરો સ્માર્ટ સિટીમાં લેવામાં આવ્યા છે. સૌથી વધુ તામિલનાડુના ૧૨ શહેરો છે. એટલે કહેવાય છે કે સ્માર્ટ સિટી નરેન્દ્ર મોદી બનાવી રહ્યાં છે જ્યારે ગામડાનો વિકાસ ગુજરાત કરી રહ્યું છે.

અર્બન ભારતમાં મુંબઇ મોખરાના સ્થાને છે...

ભારતમાં અર્બનાઈઝેશન અત્યારે ૩૧.૧૬ ટકા છે એટલે કે કુલ વસતીના ૩૧.૧૬ ટકા વસતી શહેરોમાં વસે છે જે આંકડો ૨૦૩૦ સુધીમાં ૪૦.૭૬ ટકા થઈ જશે તેવુ વર્લ્ડ બેન્કનો રિપોર્ટ કહે છે. દેશમાં સૌથી વધુ શહેરીકરણ મુંબઈમાં થયું છે. મુંબઈમાં ૧.૯૦ કરોડ લોકો વસે છે. દિલ્હીમાં ૧.૭૦ કરોડ લોકો રહે છે. કહેવાય છે કે દિલ્હીમાં રૂરલ વિસ્તાર રહ્યો જ નથી. ૨૦૦૧ના વર્ષમાં ભારતનો શહેરી પોપ્યુલેશન દર ૧૧.૪ ટકા હતો પરંતુ ૧૦ વર્ષમાં આ દરમાં ત્રણ ગણો વધારો થયો છે.

ગુજરાતનું શહેરીકરણ ૪૩ ટકાને દ્વાર....

બીજી તરફ ગુજરાતમાં સૌથી વધુ અમદાવાદમાં ૬૫ લાખ અને બીજાક્રમે ૫૦ લાખ લોકો સુરતમાં રહે છે. ભારતના સૌથી વધુ શહેરીકરણના કુલ ૨૦ શહેરોમાં ગુજરાતના આ બે શહેરોનો સમાવેશ થયો છે. ભારતના પ્રથમ પાંચ શહેરોમાં મુંબઈ, દિલ્હી પછી કોલકત્તા, ચેન્નાઈ અને બેંગલુરૂ આવે છે. ગુજરાતની હાલની એટલે કે ૨૦૧૭માં પ્રોજેક્ટેડ થયેલી વસતી ૬૭,૬૦૦,૯૯૨ માનવામાં આવે છે જે પૈકી અંદાજે ૪૩ ટકા એટલે કે ૨.૬૫ કરોડ લોકો નાના મોટા શહેરોમાં વસે છે.

ગુજરાતનું ગૌરવવંતુ ગામ પુંસરી...

ગુજરાતમાં એક એવું ગામ છે કે જ્યાં સ્માર્ટ સિટીને પણ શરમાવે તેવી સુવિધાઓ છે. એક સરપંચના પ્રયાસતી આ ગામ સ્માર્ટ બન્યું છે. સાબરકાંઠાના પુંસરી ગામે ભારતના કુલ ૭ લાખ ગામડાંને ઉદારહણ પૂરૂં પાડ્યું છે. ૧૨ વર્ષથી કાર્યરત ગામના સરપંચ હિમાંશુ પટેલે ગામની ઓળખ જ બદલી નાંખી છે. આ ગામમાં ૨૦૦૬ની સાલમાં ૯૮ ટકા લોકો અભણ હતા. ૨૩ જ્ઞાતિઓ વચ્ચે ઝઘડા થતા હતા. ગામમાં ચોતરફ ગંદકી હતી. ગામના માથે ૧.૫ લાખનું દેવું હતું પરંતુ શાસનના વર્ષોમાં સરપંચે ગામની કાયાપલટ કરી નાંખી છે.

ન્યૂ ઇન્ડિયામાં ગુજરાતના છ શહેરો પણ, ન્યૂ ગુજરાતમાં અસંખ્ય ગામડાં છે

આ ગામને તેમણે દુનિયા સાથે જોડી દીધું છે. હિમાંશુ પટેલની કામગીરીને ૨૦૧૧માં મોદીએ બેસ્ટ ગ્રામ પંચાયતનો એવોર્ડ આપ્યો હતો. વિશ્વના ૬૦ દેશોના ૧૪૦ પ્રતિનિધિઓએ ગયા સપ્ટેમ્બર મહિનામાં પુંસરી ગામની મુલાકાત લીધી ત્યારે તેઓ વાહ... એક્સેલન્ટ, ઉત્તમ, સર્વશ્રેષ્ઠ જેવા શબ્દો આ ગામને આપીને ગયા છે.

હિમાંશુ પટેલ દેશ માટે કામ કરી રહ્યા છે...

સાબરકાંઠાના નાનકડા ગામ પુંસરીને વિશ્વના નકશામાં મૂકીને મશહૂર થયેલા ગામના સરપંચ હિમાંશુ પટેલ હવે દેશભરમાં નંદઘર બનાવવા માગે છે. પુંસરી ગામને તેમણે ૧૨ વર્ષમાં સ્માર્ટ વિલેજ બનાવ્યું છે. કુપોષણ મુક્ત ભારત માટે કેન્દ્ર સરકારે હિમાંશુ પટેલની પસંદગી સીઈઓ તરીકે કરી છે જેમાં નંદઘરનો હેતુ ૧ થી છ વર્ષના બાળકો માટે આંગણવાડી સેન્ટરો બનાવવાનો છે. દેશના ૧૧ રાજ્યો માટેનો આ પ્રોજેક્ટ છે. હિમાંશુએ કહ્યું હતું કે-- એક ગામનો સરપંચ જો ઈચ્છે તો ગામનો વિકાસ કરીને પોતાના અનુભવ અને આવડતથી દિલ્હી સુધી પહોંચી શકે છે. પુંસરી ગામની લોકપ્રિયતાથી પ્રેરાઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રત્યેક સાંસદને સાંસદ આદર્શ ગ્રામનો એક પ્રોજેક્ટ આપ્યો છે.

સ્માર્ટ વિલેજમાં જીટીયુના વિદ્યાર્થીઓ સક્રિય...

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી -જીટીયુ- એ પણ હવે તો સ્માર્ટ વિલેજની દિશા પકડી છે. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી ૩૨ કોલેજો રાજ્યભરના ૧૩૬ ગામડાંને સ્માર્ટ વિલેજ બનાવશે. આ કાર્યમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અમરેલી, સુરેન્દ્રનગર, પંચમહાલ, ગોધરા, આણંદ, સુરત, બારડોલી અને વડોદરાની કોલેજોના વિદ્યાર્થીઓ જોડાયા છે. આ પ્રોજેક્ટમાં સિવિલ અને ઈલેક્ટ્રિકલ એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ કામ કરી રહ્યાં છે. ગુજરાત સરકારનું રૂર્બન મિશન ભલે ન ચાલ્યું પરંતુ તેની સ્માર્ટ વિલેજ સ્કીમમાં રાજ્યના પ્રત્યેક ગામડાંનો સહકાર છે. સ્પર્ધાત્મકતા હોવાથી ગામના સરપંચો વિકાસના કામો વધુને વધુ કરી રહ્યાં છે.

દિલ્હી અને મુંબઇ શહેર પણ પાણી ભરે...

ગુજરાતનું એક સમૃદ્ધ ગામ છે જેની આર્થિક સમૃદ્ધિ એટલી વિશાળ છે કે જેની આગળ દિલ્હી અને મુંબઈની આવક પણ પાણી ભરે તેવી છે. કચ્છ જિલ્લાના ભૂજમાં આવેલું નાનકડું માધાપર ગામ અતિ સમૃદ્ધ છે જેનો મુખ્ય વ્યવસાય ખેતીવાડી, પશુપાલન અને ખેતમજૂરી છે. કહેવાય છે કે માધાપરની ૩૦૦ મહિલાઓએ ૧૯૭૦ના યુદ્ધ વખતે અસાધારણ સાહસ દાખવીને તૂટેલો રન-વે એરફોર્સના જવાનો માટે બહુ ઓછા સમયમાં તૈયાર કરી આપ્યો હતો. ઈન્દિરા ગાંધી પણ આ મહિલાઓથી પ્રભાવિત થયા હતા અને તેમણે માધાપની મુલાકાત લીધી હતી અને કહ્યું હતું કે ભારત પાસે ૩૦૦ ઝાંસીની રાણી છે. એક સર્વે પ્રમાણે આ ગામમાં ૫૦૦૦ કરોડની બેન્ક ડિપોઝીટ છે. આ ગામમાં ૧૮ બેન્કોની શાખાઓ છે. આટલી સમૃદ્ધિ હોવાનું કારણ એવું છે કે પ્રત્યેક પરિવારનો સભ્ય વિદેશમાં જઈને વસ્યો છે. એશિયામાં સૌથી વધુ બેન્ક શાળાઓ હોય તેવું આ એકમાત્ર ગામ છે. કહેવાય છે કે આ ગામમાં વ્યક્તિદીઢ ડિપોઝીટની સંખ્યા ૧૨.૫૦ લાખ રૂપિયા છે.

એક ગામ એવું છે કે જેની મુલાકાત ૬૦ દેશના ૧૪૦ ડેલિગેટ્સ લઇ ચૂક્યાં છે

એક ગામ જ્યાં મહિલાઓ પશુપાલન કરે છે...

સમગ્ર દેશને દૂધ ઉત્પાદનમાં સ્વનિર્ભર બનાવવા માટે ગુજરાત અગ્રેસર છે. આ રાજ્યમાં શ્વેતક્રાન્તિની શરૂઆત આણંદના અમૂલથી થઈ છે. આણંદ જિલ્લો અમૂલ બ્રાન્ડના કારણે વિશ્વભરમાં મશહૂર બન્યો છે. આણંદ જિલ્લાના શેખડી ગામની મહિલાઓએ એક વિક્રમ સર્જ્યો છે. આ ગામની ૭૩ ટકા મહિલાઓ પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલી છે. તેઓએ પશુપાલનને મુખ્ય વ્યવસાય અને આવકનું સાધન બનાવ્યું છે જે આખા દેશમાં ગૌરવવંતી સફળતા છે.

એક એવું વિલેજ કે જ્યાં ચૂંટણી થઇ નથી...

ગુજરાતમાં એક ગામ એવું છે કે જ્યાં પંચાયતી રાજની સ્થાપના કર્યા પછી આજદિન સુધી ચૂંટણી થઈ નથી. ખોડા તેમજ સાણંદથી છ કિલોમીટર આવેલું વાસણા ગામ કે જેની મિસાલ અલગ છે. સરપંચ પદ મેળવવા માટે રાજ્યના ૧૮ હજાર ગામોમાં ચૂંટણી થાય છે પરંતુ

માધાપર - તો ઇતિહાસના પાને છે, આર્થિક સમૃદ્ધિમાં તો એશિયામાં ફર્સ્ટ છે

આ ગામ એવું છે કે જ્યાં ચૂંટણી થઈ નથી. સત્તામાં નહીં લોકોને વિકાસમાં રસ છે. માત્ર ૨૭૦૦ની વસતી ધરાવતા આ ગામે અનેક એવોર્ડ મેળવ્યા છે. મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો આ ગામની મુલાકાત લઈ ગયા છે. કહેવાય છે કે ચૂંટણી એક બીજાના માનસ પર વેરના બીજ રોપે છે પરંતુ વાસણા ગામમાં લોકોને વ્યક્તિમાં રસ છે, પાર્ટીમાં રસ નથી. લોકો સર્વાનુમતે તેમને લિડરને નક્કી કરે છે અને ચૂંટણી કર્યા વિના પસંદ કરે છે.

એક ગામ જ્યાં મહિલાઓ જ સર્વોપરી છે...

ગીર સોમનાથના વેરાવળથી ૧૫ કિલોમીટરના અંતરે આવેલા બાદલપરા ગામમાં વર્ષોથી સ્વચ્છતાનો ધ્યેય અમલમાં છે. ગુજરાતની પ્રથમ મહિલા સમરસ બોડી ધરાવતા આ ગામમાં સત્તા માત્ર મહિલાઓના હાથમાં છે. અહીં મહિલા રાજ ચાલે છે. ગામમાં સીસીટીવી અને વાઈફાઈની સુવિધા છે. મહિલા શક્તિનું અનોખું ઉદાહરણ અહીં જોવા મળે છે. આ ગામની ખાસિયત એવી છે કે ગામમાંથી પસાર થતાં વોકલાને સજાવીને તહેવારોના સમયમાં નૌકાવિહાર થાય છે. ગામના મહોલ્લામાં સાઉન્ડ સિસ્ટમ લગાડવામાં આવી છે. આ ગામ સરસ્વતી નદીના કિનારે વસેલું છે. સ્વચ્છતા, આધુનિકતા અને સુરક્ષાનો અહેસાસ આ ગામમાં થાય છે.

એક નહીં ગમતી વાત છતાં હકીકત છે...

દાહોદ જિલ્લાનું ખાંડણીયા ગામ પણ દેશમાં વિક્રમી ગામ છે. વિક્રમ પણ કેવો નેગેટીવ છે. આ ગામમાં કુપોષણની સૌથી મોટી સમસ્યા છે. પરિવારોને બે ટંક ખાવાનું પણ મળતું નથી. આ ગામની મહિલા અને બાળકોમાં કુપોષણનું પ્રમાણ ૫૨ ટકા કરતાં વધુ છે. ૧૫૩૦ લોકોની વસતી ધરાવતા આ ગામમાં ઉંમરની સરખામણીએ ૭૮ ટકા બાળકોની ઉંચાઈ ઓછી છે. ૪૪ ટકા બાળકોનું વજન ઉંચાઈ અનુસાર નથી. ૪૪.૨ ટકા બાળકો ઓછું વજન ધરાવે છે. આ ગામમાં લોકોને બે ટંક ભોજન પણ મળતું ન હોય તો પછી મહિલા અને બાળકોનું પોષણ કેવી રીતે શક્ય છે. ખુદ ગુજરાત સરકારે જ તેના આરોગ્ય રિપોર્ટમાં સ્વિકાર્યું છે કે રાજ્યમાં કુપોષિત બાળકોની સંખ્યા ૧.૧૧ લાખ છે જે પૈકી ૨૦,૦૦૦ બાળકો તો ગંભીર રીતે કુપોષણનો શિકાર થયેલા છે. કેન્દ્ર અને રાજ્યની વિવિધ યોજનાઓ છતાં સીએજીના રિપોર્ટ પ્રમાણે રાજ્યમાં ૩૮ ટકા બાળકો કુપોષિત છે. સરકારનો દ